G20 भारत 2023 INDIA

## આર. સી. કોલેજ ઓફ કોમર્સ,અમદાવાદ

તારીખ- ૧૪/૭ /૨૦૨૩

આથી કોલેજ માં અભ્યાસ કરતા સહુ વિદ્યાર્થીઓને જણાવવાનું કે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, તેમજ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી રહેલ છે. જે વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તે વિદ્યાર્થીઓએ નીચે આપેલ GOOGLE LINK પર REGISTRATION કરવાનું રહેશે.

https://forms.gle/E13r7TNjspreyms68

વકતૃત્વ સ્પર્ધા ના વિષયો- ( કોઈ પણ એક )

૧. ARTIFICAL INTELLIGENCE ભવિષ્ય માટે વરદાન કે અભિશાપ

૨. ઉદ્યોગ સાહસિકતા: વિકસતા ભારત-03 થીમ

૩. ભાર વગરનું ભણતર અને સ્ત્રી શિક્ષણ

૪. ૨૦૪૭: અમૃત કાળ ભારત નો સોનેરીકાળ

૫. કલાઈમેટચેન્જ અને પર્યાવરણ પડકારો અને તેનું સમાધાન

નિબંધ સ્પર્ધાના વિષયો-( કોઈ પણ એક )

૧. નવી શિક્ષણ નીતિ અંગે અભિપ્રાય

૨. સાંપ્રત સમયમાં મૂલ્યલક્ષી શિક્ષણની જરૂરિયાત

૩. વિદ્યાર્થી જીવનના ઘડતરમાં N.S.S.નો ફાળો

૪. સમાજ નિર્માણથી રાષ્ટ્રીય નિર્માણ

૫. વિશ્વના દેશોને ભારતની ભેટ

૬. ELECTRONની સમાજ માટે વરદાન કે અભિશાપ

સ્પર્ધાઓના નિયમો-

૧. વકતૃત્વ સ્પર્ધનો સમય ૦૫ મીનીટનો સમય રહેશે

૨. નિબંધ સ્પર્ધાનો ૬૦ મિનીટ( ૧૫૦૦ શબ્દોની મર્યાદા) નો સમય રહેશે

ઉપર મુજબની સ્પર્ધાઓ તારીખ ૧૮/૭/૨૦૨૩ ના રોજ રૂમ ૨ માં સવારે ૯.૦૦ કલાકે યોજાશે જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી..

વધુ માહિતી માટે પ્રો. શ્રુતિ ડાભીને કોલેજ સમય દરમિયાન મળવું.

જ્ઞાનધારા કો-ઓરડીનેટર

શ્રુતિ ડાભી Shruti

આર. સી. કોલેજ ઓફ કોમર્સ

આચાર્યશ્રી

શ્રી તુષાર રાણા

આર. સી. કોલેજ ઓફ કોમર્સ

For Principal
R. C. COLLEGE OF COMMERCE
Delhi Chakla, Ahmedabad-1

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

**એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગાંધીનગર, ગુજરાત રાજ્ય.**


Azadi Ka Amrit Mahotsav

ક્ર.-NSS/સ્પર્ધા /2023/ 9416-9937 By Email ta.10/07/2022

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, રાજ્ય યુનિવર્સિટીઓ (૧૬)
- રજીસ્ટ્રારશ્રી,સેક્ટોરીયલ,સેન્ટ્રલ,ડીમ્ડ યુનિવર્સિટી તેમજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઇમ્પોર્ટસન્સ (૨૩)
- આચાર્યશ્રી,સરકારી કોલેજ,તમામ
- આચાર્યશ્રી,અનુદાનિત કોલેજ,તમામ
- આચાર્યશ્રી,ગ્રામવિદ્યાપીઠો,તમામ

વિષય: "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ભારત સરકાર દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા સૂચન કરેલ છે. ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય તથા ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવેલ છે.

"આઝાદી કા અમૃત મહોત્સવ" યોજના અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ અને ખાસ કાર્યક્રમોના આયોજન માટે તેમજ થનાર આનુસંગિક ખર્ચ માટે તેમજ સ્પર્ધાઓમાં વિજેતા થનારને પ્રોત્સાહિત કરવા તેમજ કોલેજ, જિલ્લા, યુનિવર્સિટી, રાજ્ય વિવિધ સ્તરે થનાર કાર્યક્રમોના આયોજન, અમલીકરણ, સંકલન તેમજ સંચાલન માટે થનાર ખર્ચ માટે "આઝાદી કા અમૃત મહોત્સવ" યોજના અંતર્ગત કરવાનો રહેશે.

રાજ્ય કક્ષાએ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતગર્ત 31-08-2023 ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ પૂર્ણાહૂતિ થતી હોય તેને ધ્યાનમાં રાખીને પ્રથમ કોલેજ કક્ષાએ ત્યારબાદ યુનિવર્સિટીઓ કક્ષા અને રાજ્યકક્ષાએ વકતૃત સ્પર્ધા, નિબંધ સ્પર્ધા,ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવે જેનાથી વિદ્યાર્થીઓની આત્મસૂઝ,નેતૃત્વના ગુણો,મૌલિક શક્તિ વિકશે તેમજ તેઓને પ્રોત્સાહન ઇનામ મળી રહે તે માટે નીચે જણાવેલ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે.

❖ **વકતૃત્વ સ્પર્ધાના મુદ્દાઓ :-** (કોઈ પણ એક વિષયની પંસદગી કરવાની રહેશે.)

(1) આર્ટિફિશ્યલ ઇન્ટેલીઝન્સ ભવિષ્ય માટે વરદાન કે અભિશાપ

(2) ઉધોગ સાહાસિકતા: વિકસતા ભારત -03 થીમ

(3) ભાર વગરનું ભણતર અને સ્ત્રી શિક્ષણ

(4) ૨૦૪૭ : અમૃત કાળ ભારતનો સોનેરીકાળ

(5) ક્લાઈમેન્ટ ચેન્જ અને પર્યાવરણ પડકારો અને તેનું સમાધાન

**વકતૃત સ્પર્ધાના ઉપરોક્ત મુદ્દાઓ માટે 05 મિનિટનો સમય રહેશે.**

❖ **નિબંધ સ્પર્ધાના મુદ્દાઓ :-** (કોઈ પણ એક વિષયની પંસદગી કરવાની રહેશે)

(1) નવી શિક્ષણ નીતી અંગે અભિપ્રાય

(2) સાંપ્રત સમયમાં મૂલ્યલક્ષીશિક્ષણની જરૂરીયાત

(3) વિદ્યાર્થીજીવનના ઘડતરમાં એન એસ.એસનો ફાળો

(4) સમાજ નિર્માણથી રાષ્ટ્રીય નિર્માણ

(5) વિશ્વના દેશોને ભારતની ભેટ

(6) ઇલેક્ટ્રોનની સમાજ માટે વરદાન કે અભિશાપ

નિબંધ સ્પર્ધાના ઉપરોક્ત મુદ્દાઓ માટે ૬૦ મિનિટ (૧૫૦૦ શબ્દોની મર્યાદા) નો સમય રહેશે.


Inward No.: C-3
Date: 14/07/
Sign.:
Delhi Chakla, Ahmedabad


13/07/2023

❖ **ચિત્ર સ્પર્ધાના મુદ્દાઓ :** (કોઈ પણ એક વિષયની પંસદગી કરવાની રહેશે)

(1) એક ભારત શ્રેષ્ઠ ભારત

(2) પર્યાવરણ અંગે જાગૃતિ

(3) સ્વચ્છતાનું મહત્વ

(4) ભારતની વિવિધાતામાં એકતા

ચિત્ર સ્પર્ધાના ઉપરોક્ત મુદ્દાઓ માટે **120 મિનિટ (02 કલાક)** નો સમય રહેશે.

## -: સ્પર્ધાના નિયમો અને શરતો નીચે મુજબ રહેશે :-

(1) કોલેજ કક્ષાએ પ્રથમ નંબર વિજેતાનું નામ યુનિવર્સિટી કક્ષાએ મોકલવાનું રહેશે.

(2) એક વિદ્યાર્થી એક જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(3) યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ નંબર વિજેતાનું નામ રાજ્યકક્ષાએ મોકલવાનું રહેશે.

(4) નિયમિત અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

(5) દરેક સ્પર્ધામાં સમય મર્યાદાનું અચૂક પાલન કરવાનું રહેશે.

(6) ઉપરોક્ત સ્પર્ધા માટેના ખર્ચ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત અનુદાનમાંથી કરવાનો રહેશે.

(7) યુનિવર્સિટી કક્ષાએ સ્પર્ધા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર અને પ્રથમ,બીજા,ત્રીજા નંબર વિજેતને પ્રોત્સાહન ઈનામ આપવાનું રહેશે.

(8) કોલેજ કક્ષા તેમજ યુનિવર્સિટી કક્ષાએ નિર્ણાયકોની કમિટીની રચના કરવાની રહેશે.

(9) રાજ્ય કક્ષાએ સ્પર્ધા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર અને પ્રથમ,બીજા,ત્રીજા નંબર વિજેતાને ઈનામ આપવાનું રહેશે. આ ખર્ચ "આઝાદી કા અમૃત મહોત્સવ" યોજના અંતર્ગત રાજ્ય કક્ષાએ જમા રકમમાંથી કરવાનો રહેશે

(10) કોલેજ કક્ષાએ 11-07-2023 થી 19-07-2023 સુધી, યુનિવર્સિટી કક્ષાએ 21-07- 2023 થી 30-07-2023 સુધી સ્પર્ધાઓ પૂર્ણ કરવાની રહેશે. અને દિન-03 (ત્રણ) માં દરેક યુનિવર્સિટીએ પ્રથમ આવનાર સ્પર્ધકનું નામ સ્પર્ધા વાઇઝ અલગ અલગ કવરમાં અત્રેની કચેરીના સરનામે રાજ્ય એન.એસ.એસ.અધિકારીશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર ખાતે મોકલી આપવાનું રહેશે.

રાજ્ય એન.એસ.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર